# કાળઝાળ ગરમી વચ્ચે શહેરમાં ડેન્ગ્યુએ દેખા દેતા તંત્ર ચોંક્યું

## સે-૨૪ના બિમાર દર્દીનો ડેન્ગ્યુ રિપોર્ટ પોઝીટીવ : આરોગ્ય તંત્ર દોડતું થયું

ગાંધીનગર, તા.૧૨

ઠંડીની સિઝનમાં કે પાણી ભરાઈ રહેલું હોય તેવા સ્થાનો પર મોટાભાગે ડેન્ગ્યુંના મચ્છરોનું ઉત્પતિ સ્થાન હોય છે.તેમજ શિયાળાની સિઝનમાં ડેન્ગ્યુંના કેસ વિશેષ જોવા મળતા હોય છે. ત્યારે તેનાથી ઉલટું ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીથી સમગ્ર શહેરનું જનજીવન પ્રભાવિત છે. ત્યારે શહેરમાં ડેન્ગ્યુનો એક પોઝીટીવ કેસ જોવા મળતા આરોગ્ય વિભાગ પણ ચોંકી ઉઠ્યું છે. ત્યારે આરોગ્ય તંત્ર એ પણ સર્વેલન્સની કામગીરી શરુ કરી દીધી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪માં છેલ્લા ઘણા સમયથી એક દર્દીને તાવ આવતો હતો. પરંતુ ડોકટરની દવા લેવા છતા તાવ ન ઉતરતા વિવિધ રિપોર્ટ કરાવામાં આવ્યા હતા. ત્યારે આ દર્દીને ડેન્ગ્યું પણ રિપોર્ટ કરાયો હતો અને તે પોઝીટીવ આવ્યો હોવાનું બિનસતાવાર જાણવા મળ્યું છે. જયારે ઉનાળાની આકરી ગરમીમાં માણસો અને મચ્છરો પણ કયાં જવું તેની વિમાસણમાં મુકાય તેવી સ્થિતિમાં છે. ત્યારે ડેન્ગ્યું પોઝીટીવ આવતા આરોગ્ય વિભાગમાં પણ દોડતું થયું છે. જયારે અંગ દઝાડતી ગરમીમાં પણ ડેન્ગ્યુંના આ મચ્છરો ક્યાં આશ્રય સ્થાન લેતા હશે તે પણ વિચારવા જેવું છે. સેકટર-૨૪ ના દર્દીને ડેન્ગ્યું પોઝીટીવ આવતા તંત્ર પણ અચરજ પામી ગયું છે. તો તાજેતરમાં ધોળાકુવાના એક વ્યકિતને ચીકનગુનિયાએ દસ્તક દેતા આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવી ગયું છે. ત્યારે શહેરમાં ડેન્ગ્યું એ દસ્તક દેતા આરોગ્ય વિભાગે પણ કામગીરી પુરજોશમાં શરુ કરી દીધી છે. તેમજ દર્દીના ઘરની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરીનો પણ પ્રારંભ કરી દીધો છે.

# નગરસેવકની દિલેરી : મનપાના પગારમાંથી સાત દિવ્યાંગોને ટ્રાયસિકલ આપાઈ

## વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલે કોર્પોરેટર તરીકે મળતા પગારના નાણાંમાંથી જરૂરિયાતમંદ વર્ગના દિવ્યાંગોને ટ્રાયસિકલો આપી : પુરાવાના અભાવે સરકારી લાભોથી વંચિતોને મદદરૂપ બન્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હર્ષાબા દાંધલે તેમના વોર્ડના જરૂરિયાતમંદ વર્ગના ૭ દિવ્યાંગોને ટ્રાયસિકલનું વિતરણ કર્યુ છે. પ્રાપ્ત કરી શકતા નથી. શહેરના વોર્ડ નં. ૧માં આદિવાડા, ચરેડી, પ્રેસ વગેરે વિસ્તારની ઝુંપડપટ્ટી કે છાપરાંમાં રહેતા ગરીબ જરૂરિયાતમંદ વર્ગના ૬૦ ટકાથી વધુ દિવ્યાંગ હોય તેવા જ દિવ્યાંગોને યોગ્ય પુરાવાના અભાવે સમાજ કલ્યાણ વિભાગમાંથી મળવાપાત્ર લાભો મળી શક્યા નથી તેવા દિવ્યાંગોને સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા દાંધલ દ્વારા ટ્રાયસિકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રકારના કુલ ૭ દિવ્યાંગ લાભાર્થીઓને તેમણે કોર્પોરેટર તરીકેના મળતા પગારના નાણાંમાંથી ટ્રાયસિકલનું વિતરણ કરી સાચા નગરસેવક તરીકે પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું છે.



વોર્ડ નં. ૧ના ભારતીય જનતા પક્ષના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા ટ્રાયસિકલ હર્ષાબા ધાંધલે તેમને મહાનગર પાલિકામાંથી કોર્પોરેટર તરીકે મળતા પગારના નાણાં એકઠા કરી તેમાંથી આ ટ્રાયસિકલોનું વિતરણ કર્યુ છે જે એક નગરસેવક તરીકે તેમની કર્તવ્યનિષ્ઠા અને જરૂરિયાતમંદ વર્ગ પ્રત્યેની અનુકંપા પ્રદર્શિત કરે છે.



સરકાર દ્વારા ગરીબો તથા જરૂરિયાતમંદ વર્ગના નાગરિકો માટે વિવિધ કલ્યાણની તથા લાભોની યોજનાઓ ચલાવાય છે. જેનો લાભ લઈ ગરીબો તેમની હાડમારી ભરેલી જીંદગીમાં સહારો મેળવી સક્ષમતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. જો કે સરકારી યોજનાના લાભો પ્રાપ્ત કરવા માટે લાભાર્થીએ તેના જરૂરી પુરાવા રજૂ કરવા પડે છે પરંતુ આ જાણકારીના અભાવે અથવા યોગ્ય પુરાવાના અભાવે ઘણા ગરીબ જરૂરિયાતમંદો તેમને મળવાપાત્ર સવલતો કે લાભો વિતરણના સદ્કાર્ય સમયે રાજ્યના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, વેસ્ટર્ન એગ્રી સીડ્સના એન.પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને નગરેવકના ઉમદા સદ્કાર્યને બિરદાવ્યું હતું.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




છોકરાને વેકેશનમાં કરાટે સ્કેટીંગ ડ્રોઈંગ કાંઈપણ શીખવા નથી મોકલવો... તેને હરદ્વાર લઈ જઈ... 'યોગી' બનવાની ટ્રેનીંગ આપવી છે...!!

# ન્યુ ગાંધીનગરમાં ઉભરાતી ગટરો વચ્ચે રહેતા વસાહતીઓ હેરાન

## ગાંધીનગર-કોબા સર્વિસ માર્ગ પર બંન્ને સાઈડ ગંદકીના ઢગ

ગાંધીનગર, તા.૧૨

અત્યારે હાલ સમગ્ર ભારતભરમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. દરેક શહેરને સ્વચ્છ બનાવવા તંત્ર તેમજ અધિકારીઓ કમરકસી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ ઠેરઠેર સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે શહેરમાં પણ કેટલાક ઠેકાણે કચરાના ઢગ ખડકાયેલા નજરે પડે છે. સફાઈની સુફીયાણી વાતો કરતું તંત્ર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે વામણું પુરવાર થયું છે. તો બીજીતરફ ગાંધીનગર શહેર અને ન્યું ગાંધીનગરની તાસીર અને તસ્વીર બંન્ને અલગ છે.

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા સુધી તંત્ર દ્વારા સર્વિસ રોડ તૈયાર કરાયા છે. આ સર્વિસ માર્ગની બંન્ને બાજુ વૈભવી ફલેટ, બંગ્લોઝ, તેમજ સોસાયટીઓ આવેલી છે. ત્યારે માર્ગની સમાંતર ગટરોના ગંદા પાણી નદીઓની જેમ વહી રહ્યા છે. આ માર્ગ પરથી પસાર થતા દરેક વ્યકિતની નજરે આ ગંદા પાણીના ખાબોચીયા પર પડે છે. જયારે ત્યાંથી પસાર થતા નાગરીકોને મોં પર ફરજીયાત રૂમાલ રાખવો પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. સર્વિસ માર્ગ પર કચરાના પણ ઢગ ખડકાયેલા જોવા મળે છે. ન્યું ગાંધીનગરની કહેવાતી શિક્ષિત પ્રજા દ્વારા ગમે ત્યાં માર્ગ પર કચરો નાંખતા કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. જયારે ગટરોના ગંદા પાણીને પગલે અહીં વસવાટ કરતા સોસાયટીના રહીશોના આરોગ્ય સામે પણ ખતરો ઝળુંબી રહ્યો છે.મચ્છરોના ત્રાસથી નાગરીકો રાત્રી ઉજાગરા કરી રહ્યા છે. ત્યારે ન્યું ગાંધીનગરમાં તંત્ર દ્વારા યોગ્ય સફાઈ કરવામાં આવે તેવી નાગરીકોની માંગ છે.

# ગાંધીનગર આઈએનઆઈએફડીના વિદ્યાર્થીઓની લંડન ફેશનવીકમાં જવા માટે તડામાર તૈયારીઓ

## આઈએનઆઈએફડીના સીઈઓ અનિલ ખોંસલાએ વિદ્યાર્થીઓને સર્જનાત્મક તરફ આગળ વધવા હાંકલ કરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ઈન્ફોસીટી ખાતે સ્થિત આઈ.એન. આઈ. એફ.ડી ખાતે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા માટે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈ.એન.આઈ. એફ.ડી.ના સી.ઈ.ઓ અનિલ ખોંસલા ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને ખોટી આદતોથી દુર રહીને સારી આદતો અપનાવીને સર્જનાત્મકતા તરફ આગળ વધવા બ્રેક અપ વીથ બેડ હેબીટ્સ એન્ડ મેકઅપ વીથ ગુડ હેબીટ્સનું ઉદાહરણ આપ્યું હતું. જયારે લંડન ફેશન વીકમાં માટે ગાંધીનગર સ્થિત આઈ.એન.આઈ. એફ.ડી માંથી વિદ્યાર્થીઓ ચોક્કસ જશે તેમ જણાવ્યું હતું.



ઈન્ફોસીટી ખાતે પધારેલા આઈ.એન.આઈ.એફ.ડી.ના સીઈઓ અનિલ ખોંસલાએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે પંજાબ અને ગુજરાતનું કલ્ચરલ સરખું છે. બંન્ને રાજયમાં હસ્તકલા છે. અત્યારે હાલના સમયે જુના સમયમાં હસ્તકલા જઈ રહી છે. જે મોર્ડન સ્ટાઈલમાં હસ્તકલા જાય તો આંતરસરાષ્ટ્રીય સ્તરે પહોંચી શકાય તેમ છે. કાપડ ઉદ્યોગમાં ફેકટરી તેમજ મિલ આવતા કારીગરો તેમજ કલા મૃતપાય હાલતમાં છે. તેને મોર્ડન ટચ આપીને જીવંત કરવી અનિવાર્ય છે. અત્યારે હાલના સમયે બાળકો પોતાનો મોટાભાગનો સમય સોશ્યલ મિડીયામાં જાય છે સર્જનાત્મકતા તરફ મગજ દોડાવતા નથી. કોપી પેસ્ટની જનરેશન છે. ઓરીજીનલ રહેશો તો માર્કેટમાં ચાલશો.જયારે કોપીપેસ્ટ વિદ્યાર્થીઓ રહેશે તો માર્કેટરમાંથી ફેંકાઈ જશે. દરેક વ્યકિતને સર્જનાત્કમતા તરફ આગળ વધવું જાઈએ. ગાંધીનગર શહેરના વિદ્યાર્થીઓમાં ટેલેન્ટ છે કે તેઓ લંડન ફેશન વીકમાં જઈને ભારતનું અને ગુજરાતનું સુંદર પ્રેઝન્ટેશન કરે. ગાંધીનગરમાં જયારે ફેશનનો ઈતિહાસ લખાશે ત્યારે આઈએનઆઈએફડીના બાળકોનું નામ સુવર્ણ અક્ષરે લખાશે.

# ગાંધીનગર કોંગ્રેસ દ્વારા આંબેડકર જયંતિએ સમતા કૂચ યોજાશે

ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસના સંયુકત ઉપક્રમે 'સમતા કૂચ' યોજીને ભવ્ય શ્રધ્ધાંજલી અપાશે તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

જિલ્લા પંચાયત સે-૧૭, ગાંધીનગરથી વિધાનસભા સ્થિત બાબા સાહેબની પ્રતિમા સુધી યોજાનાર 'સમતા કૂચ'માં જોડાઈને પુષ્પાંજલિ અર્પવા માટે ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસના તમામ આગેવાનો-કાર્યકરોને ૧૪મી એપ્રિલ સવારે ૯.૦૦ કલાકે જિલ્લા પંચાયત ખાતે ઉપસ્થિત રહેવા ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સતત ૨૧મા વર્ષે આત્મન અભિવ્યક્તિ બાળશિબિર ૨૧,૨૨,૨૩ એપ્રિલે યોજાશે

પ્રતિ વર્ષ આત્મન ફાઉન્ડેશન દ્વારા વેકેશનનાં સમયમાં બાળકોને મનગમતી પ્રવૃત્તિઓ સાથે જ્ઞાન- ગમ્મત મેળવી શકે તે હેતુથી તદન ખુલ્લા –કુદરતી વાતાવરણમાં બાળશિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વેકેશન દરમ્યાન આગામી તા. ૨૧,૨૨,૨૩ એપ્રિલ, ૨૦૧૭(શુક્ર, શનિ, રવિ)નાં રોજ ત્રણ દિવસની બાળ અભિવ્યક્તિ શિબિર યોજાનાર છે. શિબિરનો સમય સવારનાં ૯.૩૦ થી સાંજના ૬.૦૦ સુધીનો રહેશે. ધોરણ ૧ થી ૯ ના વિદ્યાર્થીઓ-બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકશે. શિબિરનું સ્થળ શ્રી જવાહરલાલ નહેરૂ સરકારી વનૌષધિ ઉદ્યાન, સરકીટ હાઉસ પાછળ, સેકટર- ૧૯ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર રહેશે. આ બાળશિબિરમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતી વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે, બ્રિધિંગ એક્સરસાઈઝ, બાળગીત, સંગીત, ચિત્રકામ-ક્રાફટ, નાટક-અભિનય, નૃત્ય, રમતગમત, વિજ્ઞાનનાં-જાદુના પ્રયોગો, વાર્તા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. છેલ્લા ૨૧ વર્ષથી આ શિબિર યોજવામાં આવે છે.

શિબિરમાં ભાગ લેવા માંગતા બાળકો-વાલીઓએ નીચેના સરનામેથી ફોર્મ મેળવી તા.૧૯-૪-૨૦૧૭ સુધીમાં ભરવાના રહેશે. બાળકો વેકેશનનો સમય પોતાની ગમતી પ્રવૃત્તિઓમાં હળવાશ સાથે, વિવિધ રચનાત્મક બાબતોમાં, સહજીવનના પાઠ શીખીને માણી શકે તે હેતુથી આ શિબિર યોજવામાં આવે છે.

ફોર્મ મેળવવાના સ્થળ : (૧) સુધાબેન શુક્લ,૯-૪૯, પરિમલ એપાર્ટમેન્ટ, સે.૭ , ગાંધીનગર ફોન નં-. ૯૮૭૯૨૭૯૫૨૯ (૨) તુષાર દવે,પ્લોટ નં- ૨૪૨-૨, સેક્ટર- ૩ એ ન્યુ, ગાંધીનગર ફોન નં- ૯૨૭૫૧૫૩૮૦૪ (૩) જીગરભાઈ, લાડલી બ્યુટી કલેકશન, ડિસ્ટ્રીક્ટ શોપીગ સેન્ટર, સે.૨૧, ગાંધીનગર ફોનનં-૯૮૯૮૦૬૧૨૯૦ (૪) સંજય થોરાત, પ્લોટનં-૬૩૫-૨, મંગલમૂર્તિ પાર્ક પાસે, સે. ૮ બી, ગાંધીનગર ફોન નં-૯૯૨૪૦૫૭૦૪૯ (૫) વિક્રમ જાની,પ્લોટનં- ૪૭૨-૨, સે.૪ બી, ખ રોડ, ગાંધીનગર ફોન નં.૯૭૨૭૭૨૦૬૮૬ (૬) જયશ્રી આર.ખેતિયા,પ્લોટનં – ૮૫૦, સોમેશ્વર સોસાયટી, સેક્ટર ૨૭, ગાંધીનગર ફોન નં- ૯૩૭૪૮૦૫૯૪૮ (૭) સી.એલ. મહેતા, ૨૬૪-૪, રોહન પેલેસ, પિન્કી ફેશનની પાછળ, સેક્ટર ૨૯, ગાંધીનગર ફોન નં- ૨૩૨૨૭૯૮૬

# ચ-માર્ગ પર ફ્રંટી કાર સળગી ઉઠી

## જિલ્લા પંચાયતની સામે રસ્તા વચ્ચે કાર સળગી ઉઠતા અફડાતફડી : કારચાલકનો આબાદ બચાવ

ગાંધીનગર, તા. ૧૨

શહેરના સેક્ટર-૩૦ મારૂતી ફ્રંટી ગાડી નં. જીજે.૧.એચકે.૮૫૪ લઈને કચરાભાઈ ગાડી લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન ચ-માર્ગ



ગુજરાત હાઉસીંગ બોર્ડના બ્લોક નં. ૮૦ ખાતે રહેતા કચરાભાઈ કે. સુથાર પોતાની નીકળ્યા હતા. સાંજના અરસામાં સે. ૨૧થી ચ-૫ સર્કલ થઈને સે. ૧૩ તરફ પર જિલ્લા પંચાયતની સામે રસ્તા વચ્ચે અચાનક શોર્ટસર્કિટથી ફ્રંટીમાં આગ ભભુકી ઉઠતા અફડાતફડીનો માહોલ સર્જાઈ ગયો હતો.

કાર બ્રેક કરીને ચાલક નીચે ઉતરી ગયા હોવાથી તેમનો આબાદ બચાવ થઈ ગયો હતો. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લઈ લીધી હતી.

# કૈલાસ માનસરોવરના યાત્રીઓ જોગ

ગાંધીનગર, તા.૧૨

કૈલાસ માનસરોવરની યાત્રા માટેનો ડ્રો તા. ૭-૪-૨૦૧૭ના રોજ થઈ ગયેલ છે. જે યાત્રીઓએ ઓનલાઈન ફોર્મ ભર્યા હોય તેમણે વેબ સાઈટ KMY.GOV.IN માં જઈ પાસપોર્ટ નંબર તથા જન્મ તારીખ નાખવાથી તેમનો બેચ નંબર તથા તારીખ મળશે. જે યાત્રીઓનો ડ્રોમાં નંબર લાગ્યો હોય તેમણે કૈલાસ માનસરોવર સેવા સમિતિ ગાંધીનગરનો સંપર્ક કરવા સમિતિના પ્રમુખે અનુરોધ કર્યો છે. વધુ વિગત માટે ક્રિષ્ણકુમાર રાણા મો. ૯૪૨૭૪૧૯૦૧૨નો સંપર્ક કરવા જણાવાયું છે.

# સ્વનિર્ભર શાળા વિધેયકને રાજ્યપાલે આપેલી મંજુરી

ગાંધીનગર, તા.૧૨

રાજયની ગ્રાન્ટેડ સ્વનિર્ભર શાળાઓના ફી નિર્ધારણ અંગે ગુજરાત વિધાનસભાના ગત સત્રમાં પસાર થયેલ સ્વનિર્ભર શાળા ફી નિયમન વિધેયક ૨૦૧૭ને રાજયપાલની મંજુરી મળી ગઈ હોવાનું શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા શિક્ષણ રાજય મંત્રી નાનુભાઈ વાનાણીએ આજે જણાવી સ્પષ્ટપણે ઉમેર્યુ હતું કે, રાજયપાલની આ વિધેયકને મંજુરી મળી ગઈ છે ત્યારે તેની તમામ જોગવાઈઓના અક્ષરશ: અમલ કરવા રાજય સરકાર સંકલ્પબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે, આ વિધેયકનો અમલ જુન-૨૦૧૭ના શૈક્ષણિક સત્રથી જ થશે. આ વિધેયકને જયારે વિવિધત મંજુરી મળી ગઈ છે અને તેનો સત્વરે અમલ કરવા શિક્ષણ વિભાગ સંકલ્પબદ્ધ છે ત્યારે હવે શાળા સંચાલકો બિલ મંજુર થયુંનથી કે અમને કોઈ પરિપત્ર મળ્યો નથી તેવા કારણો આગળ ધરીને વાલીઓ પાસેથી તેમની હાલની નિયત ફી કરતા વધુ ફી કોઈપણ સંજોગોમાં ન લે તેવી મારી સૌ શાળા સંચાલક મંડળોને અપીલ છે. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ એ પવિત્ર કામ છે ત્યારે તેને પ્રામાણિકતાથી બજાવીએ સ્વાર્થ અને સંઘર્ષ છોડી સમજણ કેળવી દેશના ભાવિ સમાન વિદ્યાર્થીઓનું હીત જળવાય તે સમયનો તકાદો છે. ફી નિર્ધારણ અંગેનો કાનુન લઘુમતિ બહુમતી જેવા કોઈપણ જાતના ભેદભાવ વગર એટલે કે તમામ વર્ગોના વિદ્યાર્થીઓને ભણાવતી લઘુમતી બહુમતી શાળાઓના સંચાલકોને લાગુ પડશે તેવી સ્પષ્ટતા પણ શિક્ષણમંત્રીએ કરી હતી. કેટલાક શાળા સંચાલકોએ તેમની હાલની નિયત ફીની પુરેપુરી રકમ વસુલી લીધી છે તે અંગે સ્પષ્ટતા કરવા અને વાલીઓને સ્પષ્ટ ખાતરી આપતા ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, શિક્ષણ વિભાગે નક્કી કર્યા મુજબ જે તે શાળાએ તેની હાલની નિયત ફીની ત્રિમાસિક રકમ જ વાલીઓ પાસેથી લેવાની છે આમ છતાં જે કિસ્સાઓમાં વાર્ષિક ફીની પુરેપુરી રકમ કોઈ શાળઆ સંચાલકે વસુલ કરી હોય તેવા કિસ્સામાં શાળા સંચાલકોએ ફી નિર્ધારણ કમિટિ સમક્ષ તેની ફીની રકમ નિર્ધારિત કરાવ્યા બાદ બાકીની રકમ પછીના ત્રિમાસિક સમયગાળામાં વાલીઓને સરભર કરી દેવાની રહેશે. શિક્ષણ વિભાગ જરૂરી અમલવારી કરાવશે.


## અટક બદલેલ છે

મારું નામ-અટક રામાવત ભરતકુમાર કાન્તિલાલથી અટક બદલીને પટેલ ભરતકુમાર કાન્તિલાલ રાખેલ છે.

સહી/-

**પટેલ ભરતકુમાર કાન્તિલાલ**
સી-૩૦૧, સુયસ સ્ટેટસ,
કુડાસણ, ગાંધીનગર

## જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૭-૧૮

ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના માર્ગ અને મકાન તથા સિંચાઈ વિભાગના કોન્ટ્રાક્ટરોની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પેટા વિભાગ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામે, માલપુર ફોન નંબર (૦૨૭૭૩) ૨૨૩૧૬૩ દ્વારા મકાનને લગતા કુલ-૧ (એક) કામના ટેન્ડરો માંગવામાં આવે છે. સદરહુ કામની અંદાજીત રકમ રૂ. ૧.૯૬ છે. માન્ય ઈજારદારશ્રીઓને ટેન્ડરો તા. ૧૮/૪/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાક સુધી ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરાઈને તા. ૨૪/૪/૨૦૧૭ સુધીમાં રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા અત્રેની કચેરીએ પહોંચાડવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. તેમજ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપરથી પણ જોઈ શકાશે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. ક્રમાક ના.મા.નિય/હિંમત/૨૬/૨૦૧૭

## ટેન્ડર નોટીસ

ગુજરાત વિધાનસભા સચિવાલયના વિવિધ પ્રિન્ટરોના ટોનર / કાર્ટીઝોના રીફીલીંગના વાર્ષિક દરના ભાવો રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી મંગાવવામાં આવે છે.

વધુ વિગતો માટે Log on કરો : www.gujaratassembly.gov.in

માહિતી/૮૭/૧૭-૧૮

## જાહેર નિવિદા

**પ્રિન્ટરોની કાર્ટીજ રીફીલીંગનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબત**

ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં. ૧, ૨, ૨થી ૫ માળ, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૬૯૮

કચેરીમાં કાર્યરત પ્રિન્ટરોની કાર્ટીજ રીફીલીંગની કામગીરી માટે વાર્ષિક કોન્ટ્રાક્ટમાં રસ ધરાવતી સ્થાનિક સંસ્થાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તા. ૧૯/૪/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન ફી રૂ. ૧૦૦/- રોકડા ભર્યેથી મળશે.

અધિક ઉદ્યોગ કમિશનર (વિસ્તરણ)
માહિતી/૯૨/૧૭-૧૮ ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in